

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*ફરે છે હજુ આટલામાં જ કોરોના ગયો નથી,*
*થયો છે કાયમી જેવો 'ટકૈત' જુસ્સો ગયો નથી,*
*ગયો નથી ભ્રષ્ટાચાર ભમે છે, બહુરૂપી બની -*
*થાય તોડફોડ પક્ષમાં સત્તા-મોહ ગયો નથી.*

**હાઈકુ**

*પડે ગાબડાં*
*શિસ્તબદ્ધ પક્ષમાં*
*કાચી કેનાલે...*
*(પોચી જમીનમાં પાયા)*

*લડે વૃષભો*
*છૂંદાય સંગઠન*
*સત્તા મેદાને*

### ચિંતન

**કાયસ્થે સ્નેહબદ્ધાશઃ ।**

ઉપરોક્ત સૂત્ર જ્ઞાનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

અધિકારી-સત્તાધારીઓ પર સ્નેહ સંબંધ બાધી આશા-અપેક્ષા રાખનાર મૂર્ખ છે.

અધિકારી એટલે પોતાના અધિકારનો જે અધિક ઉપયોગ કરે તે... જે અધિકારનો અધિક ઉપયોગ કરે છે તે ધિક્કારને પાત્ર બની જતાં હોય છે.

અધિકારી સરકારી હોવાથી સરકારનો ખજાનો કેમ ભરાશે તે લક્ષ્ય તેઓનું હોય છે.

આવા સ્વાર્થલક્ષી અધિકારઓ સાથે સ્નેહના તાંતણે બંધાવાનો અને સ્નેહવશ તેઓ પ્રતિ કોઈ પણ જાતની આશા રાખવી તે નિરાશાને આમંત્રણ આપવા બરાબર છે. જેઓ આળા સ્વાર્થલક્ષી જીવન જીવતા અધિકારીઓ જોડે સ્નેહથી બંધાય છે તે મહામૂર્ખ છે.

### સુવિચાર

- દર્પણ સાચું બોલે તેમાં કાચનો દોષ નથી - **ચીની કહેવત**
- શ્રદ્ધાવાન પ્રશ્નો પૂછતો નથી અને નાસ્તિકને કોઈ ઉત્તર સંતોષ આપી શકતો નથી - **બોધિવૃક્ષ**
- પગભર તો છો તમે, હવે આગળ તમારું કામ રસ્તો બનો તમારો, તમારી દીશા બનો! - **મરીઝ**
- દેખાવની દિવાલ ચણે તેથી શું ? ખુદ ને કોઈ વિદ્વાન ગણે તેથી શું ?
  એનાથી કશો ફેર નથી પડવાનો, કોઈ મૂર્ક બનારસમાં ભણે તેથી શું? - **આદિલ મન્સુરી**
- લોભી માણસની પેટીઓ સમૃદ્ધ હોય છે, તેઓ પોતે નહિ - **ઈરવિંગ વૉશિંગ્ટન**
- રાજકારણ એક એવો ધંધો છે જેમાં અંધા અને ખંધા જ ચાલે - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : લસણની નીકળી પાંચ ગ્રામ તલના તેલમાં સાંતળીને સિંધવ ભભરાવીને ખાવાથી દરેક પ્રકારના તાવ મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજાના ત્રણ રાજકુમાર હતા. રાજાને ત્રણમાંથી એકને રાજગાદી સોંપવાની હતી. આથી એમણે ત્રણે રાજકુમારોની પરીક્ષા કરવાનું નક્કી કર્યું. એમણે રાજકુમારોને કહ્યું, 'હું તમને ત્રણેયને એક કામ સોંપી રહ્યો છું આશા રાખું છું કે તમે એ કામ ઉત્તમ રીતે કરશો.' ત્રણે રાજકુમારોએ નમ્રતાપૂર્વક કહ્યું, 'પિતાજી, આપ અમને હુકમ કરો અમારી રીતે એ કામ ઉત્કૃષ્ટ રીતે થાય તેવો પુર્ણ પુરુષાર્થ કરીશું.' રાજાએ ત્રણેય રાજકુમારને દસ-દસ સોનામહોર આપીને કહ્યું, 'આ સોના મહોરોથી કોઈ એવી ચીજ ખરીદી લાવો કે જેનાથી આંખો ખંડ ભરાઈ જાય અને એ વસ્તુ સમય જતાં ઉપયોગી પણ બને.' ત્રણેય રાજકુમારો નીકળ્યા. સૌથી મોટા રાજકુમારે કીલો મોઢે રૂ ખરીદ્યું. અને આખો ખંડ ભર્યો અને એમ વિચાર્યું કે એ રૂ નો ઉપયોગ ગાદલાં - ઓશિકા બનાવવામાં પણ કરી શકાશે. બીજા રાજકુમારે ઘાસ લાવીને આખો ખંડ ભરી દીધો. એમ વિચારીને કે એ ઘાસ પછી ગાય અને ઘોડાને ભોજન તરીકે આપી શકાશે. જયારે ત્રીજા રાજકુમારે ત્રણ દીવા ખરીદ્યા. પહેલો દીવો ખંડ ખંડમાં મૂક્યો કે જેથી આખો ખંડ પ્રકાશથી પ્રજ્જવલીત થઈ ગયો. બીજો દીવો ઘરનાં ચોકમાં મૂક્યો જેથી ઘરનાં ચોકમાં પ્રવેશ કરનારને અજવાળું મળે અને ત્રીજો દીવો અંધારી શેરીમાં મૂક્યો. જેથી રાહદારીઓને સુવિધા રહે. બાકી જે સોનામહોરો વધી, તેમાંથી ભૂખ્યાં ગરીબોને ભોજન કરાવ્યું. રાજાએ ત્રણે રાજકુમારોનાં કાર્યનું નિરીક્ષણ કર્યું અને સૌથી નાના રાજકુમારની બુદ્ધિશક્તિ અને કલ્યાણભાવના જોઈને એને રાજગાદી સોંપી.

# ઘણું જીવો ગાંધીનગર...

**તંત્રીસ્થાનેથી...**

માણસની જેમ નગર પણ જન્મે છે, વિકસે છે અને એક એવો તબક્કો આવે ત્યારે ઘરડું થાય છે. એક સમયનું જાહોજલાલી વાળું હસ્તિનાપુર કાળક્રમે ટીંબો બનીને રહી ગયું છે. જ્યાં પાંડવો અને કૌરવોનું સામ્રાજય હતું અને ભીષ્મની બોલબાલા હતી ત્યાં અત્યારે એક નાનકડું ગામડું રહી ગયું છે અને સવિશેષ છેલ્લા સૈકા દરમિયાન ત્યાં રચાયેલાં ભવ્ય જિનાલયોના કારણે જૈનતીર્થ તરીકે વધુ જાણીતું બન્યું છે. ઈંદ્રપ્રસ્થ કાળક્રમે દિલ્હી બની ગયું છે. ગુજરાતનું જૂનું પૂરાણું પાટણ સોલંકી કાલીન અવશેષો સાચવીને હજી હજાર વર્ષો પછી પણ મૂળ પાટણથી ચારેક કિલોમીટર દૂર વિકાસશીલ નગર તરીકે અડીખમ ઊભું છે. સોનાની દ્વારકા તો જળમગ્ન થઈ ગઈ છતાં દ્વારકા હયાત છે. એવું જ અયોધ્યા વિશે કહી શકાય. ગુજરાતને નવી રાજધાનીની જરૂર પડી એટલે એના માટે સ્થળની શોધખોળ શરૂ થઈ. અમદાવાદ નજીક સાબરમતી કિનારે સાત ગામ ભાંગીને પાટનગર બનાવાયું. મહુડીના આર્ષદ્રષ્ટા સંત બુદ્ધિસાગર મહારાજને વર્ષો પૂર્વે બોરીજના અપાસરામાં રહ્યા રહ્યાં અહીં કોઈ ભવ્ય 'ઈંદ્રપુરી' ઊભી થશે એવો આભાસ થયો હતો. ગાંધીજી પ્રત્યેનો આદર વ્યક્ત કરવા એને 'ગાંધીનગર' જેવું રૂપકડું નામ અપાયું. જો કે દિલ્હીમાં પણ ગાંધીનગર નામનો એક વિસ્તાર તો છે અને કચ્છમાં એક ધમધમતું 'ગાંધીધામ' પણ છે. ગુજરાત ઈલેકટ્રિસિટી બોર્ડના અતિથિગૃહમાં નગરની પહેલી ઈંટ મુકાયાને આજે છપ્પન વર્ષ પૂરા થઈ સત્તાવનમું શરૂ થઈ રહ્યું છે. પ્રારંભિક ગાંધીનગર માત્ર સરકારી કર્મચારીઓની વસાહત હતી. એમાં ખુદ કર્મચારીઓ પણ રહેવાનું પસંદ નહોતા કરતા કારણ કે એ તો સૂનકારભર્યો વગડો હતો. ધૂળિયા રસ્તા હતા અને છૂટાંછવાયાં મકાન હતા. સમય જતાં એ મહાનગરમાં ફેરવાયું છે. ગ્રીન સીટી તરીકે આખી આલમ દુનિયામાં એની આગવી પ્રતિષ્ઠા છે. વિશાળ હૃદયના માનવીની જેમ ગુજરાતની રાજધાનીના માર્ગો વિશાળ છે, ઈમારતો ભવ્ય છે.આખા ગુજરાતનું રાજકારણ અહીં કેન્દ્રિય થયેલું છે. શરૂ શરૂમાં ફક્ત જૂના સચિવાલય તરીકે ઓળખાતું અને ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રીનું નામકરણ પામેલું જીવરાજ મહેતા ભવન અને વિધાનસભાનાં મકાનો હતા. પછી નવું સચિવાલય ઉર્ફે સરદાર વલ્લભભાઈ પટેલના નામ સાથે સંકળાયેલી વિશાળ ઈમારતમાં સરકારનાં બેસણાં થયાં. વળી નરેન્દ્ર મોદીના સ્વર્ણિમ શાસનકાળમાં મંત્રીશ્રીઓ માટે સ્વર્ણિમ ભવનો બન્યાં. વિવિધ સરકારી વિભાગો અને બોર્ડ - કોર્પોરેશનોનાં બિલ્ડિંગો બન્યાં. અલબત્ત, જેમ જેમ નવી ઈમારતો બનતી ગઈ તેમ તેમ વૃક્ષોનું નિકંદન પણ નકીળતું ગયું. જો કે તેમ છતાં અહીં પ્રકૃતિ ઉદ્યાન, સરિતા ઉદ્યાન, પુનિત વન અને સેકટરોમાં બગીચાઓને કારણે ગુજરાતના અન્ય કોઈ પણ મહાનગર કરતાં વધુ ઉદ્યાનો છે, ઓછું પ્રદૂષણ છે. પોલિટિકલ પ્રદૂષણ તો રહેવાનું જ; પણ એની સામે અહીં સંસ્કૃતિની સુવાસ છે, એની નગરપાલિકા નહોળી મળી. જાગૃત નાગરિકોના પ્રયાસોને પરિણામે આજે મહાનગરપાલિકા છે. ગાંધીનગરે રાજયના અનેક સાંસ્કૃતિક નગર તરીકેની આગવી ઓળખ પણ ઊભી કરી છે. અહીંની નવરાત્રી બેનમૂન ગણાય છે અને કેટલીક સંસ્થાઓ નાટક-સંગીત તથા વિવિધ પ્રકારના મનોરંજન સાથેની મોકળાશ ઉપલબ્ધ કરાવતી રહે છે. ગાંધીનગર કાળક્રમે શિક્ષણનું હબ બની ગયું છે. અનેક યુનિવર્સિટીઓ અને શિક્ષણ સંસ્થાઓ એની પ્રતિષ્ઠામાં ચાર ચાંદ લગાવી રહી છે. દેશભરમાંથી વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવા ગાંધીનગર આવે છે. અક્ષરધામ, પંચદેવ મંદિર અને જૈન મંદિરોની શોભાયમાન રાજધાની ધાર્મિક પ્રવાસનધામ પણ બની રહ્યું છે. દેશની તમામ રાજધાનીઓમાં ગાંધીનગર સૌથી જુનિયર જરૂર છે પરંતુ સાથે જ સૌથી સુંદર પણ છે. દેશનાં રહેવાલાયક શહેરોમાં કદાચ ગાંધીનગર નગર-વન બની રહેલ છે, જો કે હજી આરોગ્ય સેવાઓની રુએ ઘણું કરવાનું બાકી છે. ક્રમશઃ એ મહાનગર અમદાવાદનું 'ટ્વિન સિટી' બની રહે એવું લાગે છે. સરકારી અધિકારીઓ ગાંધીનગરમાં નોકરી કરીને નિવૃત્ત થયા પછી ગાંધીનગરમાં જ કાયમી વસવાટ કરવાનું વલણ ધરાવે છે. છેલ્લાં વર્ષોમાં મહાત્મા મંદિર અને ગિફ્ટ સિટી આકર્ષણનાં કેન્દ્રો બનેલ છે. હવે તો ગાંધીનગરનું રેલવે સ્ટેશન પણ એની ઉપર બનેલી પંચતારક હોટેલને લીધે વૈશ્વિક સ્તરનું નજરાણું બની રહેલ છે. ગાંધીનગરમાં વસનારા બધા જ નાગરિકો એમના મૂળ વતન જેટલું જ ગાંધીનગરને ચાહે છે. ઘણું જીવો ગાંધીનગર.

# સમાન નાગરિક ધારો



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

સંવિધાનના અમલ બાદ આર્ટીકલ-૪૪નો આધાર લઈ દેશના હિંદુઓ માટે સમાન કાયદો ઘડવા માટે ધી હિંદુ મેરેજ એક્ટ ૧૯૫૫, ધી હિન્દુ સક્સેશન એક્ટ ૧૯૫૬, ધી હિન્દુ માઈનોરીટી એન્ડ ગાર્ડિનીયન એક્ટ ૧૯૫૬ અને ધી હિન્દુ એડોપ્શન એન્ડ મેઈન્ટેનન્સ એક્ટ ૧૯૫૬ પસાર કરવામાં આવ્યા. જેનો ઉદ્દેશ એક રાષ્ટ્ર એક સમાન દિવાની કાયદો ના સૂત્રને અમલ કરવાનો હતો, પરંતુ ધાર્મિક લઘુમતીના અણગમાને ધ્યાનમાં લઈ રાજકીય ઈચ્છાશક્તિના અભાવે સમાન નાગરિક ધારો ઘડવામાં કોઈ જ કાર્યવાહી આજ દીન સુધી કરવામાં આવેલ નહી. ભારતમાં પણ લગ્ન-છૂટાછેડા, વારસાહક, દત્તકવિધિ, ભેટ, વસિયત, ઘરમાલિકી, કૌટુંબિક કાયદા તથા સ્ત્રી પુરૂષોની ફરજો અને અધિકાર વગેરે માટે અલગ ધર્મમાં અલગ રીત રીવાજ મુજબના કાયદા અસ્તિત્વમાં હતા. બંધારણ સભાના મુસ્લીમ સભ્યોએ પ્રતિફોર્મ સિવિલ કોડની બંધારણમાં જોગવાઈ કરવાનો વિરોધ કરેલ. સમાન નાગરિક ધારાની જોગવાઈઓને તેઓ મુસ્લીમોના અંગત કાનૂનમાં દખલ ગણતા હતા, પરંતુ ધર્માતરણ વિરોધી બિલ, ત્રિપલ તલાક બિલ વિગેરે કાયદામાં ફેરફાર થતા સમાન સિવિલ કોડની માંગ ઉઠવા પામી છે. એક દેશમાં રહેતા તમામ જાતી, ધર્મના લોકોમાં સમાન કાયદાની જોગવાઈઓ હોવી જોઈએ એ સમયની માંગ છે, પરંતુ લૉ કમિશન ઓફ ઈન્ડીયાએ ૨૦૧૮માં સમાન નાગરિક ધારો દેશ માટે આવશ્યક અને ઈચ્છનીય ન હોવાનું મંતવ્ય રજુ કરેલ અને તેણે પ્રતિફોર્મ સિવિલ કોડને બદલે પર્સનલ કાયદામાં સુધારો કરવાનું સુચન કરેલ.

બંધારણમાં દેશના જુદા જુદા ધર્મના વ્યક્તિગત કાયદાઓનો સ્વીકાર છે. આ કાયદા આધુનિક સમાજ સાથે કે તેના સમાનતાના ખાસ તો સ્ત્રી-પુરૂષ સમાનતાના ખ્યાલથી ઘણા દૂર છે. મહિલાઓને અન્યાયકારી અને ઉતરતા દરજ્જાની નાગરિક ગણાતી. હવે મહિલાઓને પુરૂષ સમોવડી ગણવામાં આવતા કાયદામાં સુધારો એ સમયની માંગ છે. મુસ્લીમ લૉ ની શરિયત આધારિત જોગવાઈઓ સ્ત્રીઓની વિરૂધ્ધ છે. દાયકાઓથી મુસ્લીમ પર્સનલ લૉ માં કોઈ જ સુધારા થયા નથી સિવાય કે ત્રિપલ તલાક ને પ્રતિબંધ ઠરાવ્યો. મુસ્લીમ વૈયક્તિક કાયદો પુરૂષને બહુપત્નીત્વની છૂટ આપે છે. સ્ત્રીને આવી છૂટ નથી. વારસાહકમાં પુત્રીને પુત્ર કરતા અડધો જ હિસ્સો મળે છે. સિરિયન ખ્રિસ્તી કાયદાની જોગવાઈ મુજબ સંપત્તિ હક્કની બાબતમાં દિકરા વચ્ચે ભેદ છે. ૧૯૬૫નો ભારતીય છૂટાછેડાનો કાયદો ખ્રિસ્તી પતિને માત્ર વ્યભિચારના આરોપસર પત્નીને છૂટાછેડાની મંજુરી આપે છે પણ ખ્રિસ્તી સ્ત્રીઓને આવી છૂટ નથી. હિન્દુ વિવાહ કાયદો આદિવાસીઓને લાગુ પડતો નથી. પારસી કાયદામાં પણ પુત્ર-પુત્રી અને વિધવા પત્ની વચ્ચે ભેદ છે. વ્યક્તિગત જાતીય ધર્મ આધારીત કાયદાઓમાં ઘણી વિસંગતતાઓ જોવા મળે છે. સમાન સિવિલ કોડથી આવી વિસંગતતા છૂટ થશે અને ભારતમાં વસતા તમામ પુરૂષ-સ્ત્રીને સમાન હક્ક અધિકાર મળશે. ૧૯૮૫માં સુપ્રિમ કોર્ટે તલાકશુદા મુસ્લિમ સ્ત્રીઓને ભરણપોષણનો હક્ક આપ્યો ત્યારથી મસ્લીમ પર્સનલ લૉ માં સુધારો કરવો અનિવાર્ય હતો. ૧૯૫૧માં જે વિચાર ધારાની લોકો અને પરિબળો હિન્દુ કોડ બિલના વિરોધી હતા તે જ હવે પ્રતિફોર્મ સિવિલ કોડ ની માંગણી કરે છે. રાજનીતિના માર્ગદર્શક સિધ્ધાંતોના અનુચ્છેદ-૩૬ થી ૫૧ પૈકી ઘણા અનુચ્છેદમાં સુધારા કાર્યવાહી અને અમલ પણ થયાં છે. એકમાત્ર સમાન નાગરિક ધારાનો અનુચ્છેદ-૪૪ જ આજદિન સુધી વર્ણ ઉકેલ્યો છે. મુસ્લીમ પર્સનલ લૉ દ્વારા મુસ્લીમ પુરૂષને તલાક આપવા માટેની એકતરફી સત્તા મળી હોવાથી તે સંવિધાનના આર્ટીકલ-૧૩, ૧૪, ૧૫ ના ભંગ સમાન હોય રદ કરવા પાત્ર છે. હિન્દુ સકસેશન એકટ ૧૯૫૬ની કલમ-૨(૨), ૫(૨)(૩) અને ૬ તેમજ કલમ-૩૦ની સમજૂતી પણ આર્ટીકલ-૧૩, ૧૪, ૧૫ના ભંગ સમાન છે. તેથી તેને પણ રદ કરવી જોઈએ. હિન્દુ મેરેજ એક્ટની કલમ-૨ પણ આર્ટીકલ-૧૩, ૧૪, ૧૫ ના ભંગ સમાન છે. આ માટે કૌટુંબિક બાબતોને સ્પર્શતા કેટલાક ભેદભાવપૂર્ણ કાયદા ગેરબંધારણીય ઠરાવવા સમયની માંગ છે. રાજનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો મુળભૂત અધિકારો જેવા ફરજીયાત નથી એટલે તેનો અમલ રાજ્યની ફરજ છે. તેને અધિકારની રૂએ અમલીજામો પહેરાવી શકાતો નથી. બાબા સાહેબ આંબેડકરે પણ દેશ આખામાં મુસ્લીમ કાયદો ન તો એકસરખો છે ન તો અપરિવર્તનશિલ છે. તેવી હકીકત જણાવી હતી. લૉ કમિશન ઓફ ઈન્ડીયાએ તા. ૩૧/૦૮/૨૦૧૮ના રોજ કન્સલ્ટેશન પેપર ઓન રિફોર્મ ઓફ ફેમિલી લૉ ભારત સરકારને સુપ્રત કરેલ છે. સમાન નાગરિક ધારો એટલે માત્ર હિન્દુ ધારો નહી પરંતુ તમામ કોમ, કુટુંબ અને વૈયક્તિક કાનૂનોની ઉણપ દૂર કરી આધુનિક અને સભ્ય સમાજને લાયક એક જ કાયદો એ સમયની માંગ છે.

# મુનિવર સમા છે પહાડ સૌ સરિતા વહે છે વહાલ થઈ



**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**

તરુવર હરિત ને હવા પુનિત, રુજુ વાદળી ને છે તારલો
મુનિવર સમા છે પહાડ સૌ સરિતા વહે છે વહાલ થઈ

હું આ ઝાડ થૈ ને ઉભી રહું કે પરણ થઈ ખખડ્યાં કરૂ ?
છું હું બીજમાં ને બધેય હું જ છું મૂળભૂત વિચાર થઈ
-કવિ રાવલ

વરસાદની આ મોસમ આખીયે ધરાને લીલાછમ્મ વાઘા પહેરાવીને નવી નક્કોર કરી મૂકે છે અને આવા આ સમયમાં બીજ રોપવાનું એક આગવું મહત્ત્વ છે. એક નાનકડા એવા બીજનું શું મહત્વ છે તે શ્રી મનોહર પ્રભાકરની આ વાતમાં સમજાઈ જાય છે :

રાજસ્થાનના ડુગારી ગામમાં મેળો ભરાયો હતો. ખેતીવાડી ખાતા તરફથી તેમાં એક પ્રદર્શન ગોઠવાયેલું. ત્યાં ઘઉંના સુધારેલા બિયારણનો નમૂનો રાખેલો, તેની પર રામનારાયણ નામના ખેડૂતની નજર પડી. તે લેવાનું એને મન થયું, પણ ખાતાના અધિકારીએ કહ્યું કે એ વેચવા માટે નથી. હતાશ થઈને રામનારાયણ પાછો ગયો. બીજે દિવસે ફરી એ ત્યાં જઈને ઊભો. થોડી રકઝક પછી અધિકારીએ તેને એ ઊંચી જાતના ઘઉંનો નમૂનો આપ્યો - પણ એક જ દાણો !

એને મોંઘામૂલા રતનની જેમ જાળવીને રામનારાયણ લઈ ગયો. પોતાના ખેતરની સારામાં સારી જગા પસંદ કરી, ત્યાં ખાતર નાખીને એ એક દાણો વાવ્યો. રોજ તેની કાળજી લેવા માંડ્યો. થોડા દિવસે અંકુર ફૂટ્યો, છોડ મોટો થવા લાગ્યો અને આખરે તેની ઉપર ઘઉંની હૂંડીઓ ઝૂલવા લાગી. પાક લણ્યો ત્યારે, એક દાણો વાવેલો તેમાંથી પોણો રતલ ઘઉં નીકળ્યા ! રામનારાયણનું હૈયું હરખે ભરાઈ ગયું. એ ઘઉંની પોટલી સાચવીને પટારામાં મૂકી દીધી. - બીજે વરસે એ પોણો રતલ દાણા એણે પાછા વાવ્યા. વખત જતાં એના ખેતરમાં તેના છ-છ ફૂટ ઊંચા છોડ થયા. આસપાસના લોકો તે જોઈને અજાયબ થયા. આ વખતે તેર ગણો પાક ઊતર્યો ને દસ રતલ ઘઉં નીપજ્યા. પછીને વરસે એ દસ રતલ વાવતાં તેમાંથી ઊંચી જાતના ત્રણ મણ ઘઉં પાક્યા - પેલા એક જ દાણામાંથી !

મનોહર પ્રભાકરો

એને એવી જ રીતે આ બીજી એક વાત છે 'સાંપડી રોપવાની!' :

સાંભરી આવે છે સાતેક વર્ષ પહેલાંના કચ્છ-ભ્રમણ દરમિયાન ઘડ્યો પ્રસંગ. ભ્રમણનો મુખ્ય ઉદ્દેશ હતો એકાદા રબારી લગ્નની શક્ય એટલી દસ્તાવેજી સામગ્રી એકઠી કરવાનો. કચ્છનાં ભાતીલાં લોકવરણમાંયે રબારી જેવી રૂપાળી, ખડતલ અને ખુમારીભરી જાતિ બીજી એકેય નહીં ! નમણા, ભીનેવાન પંડથી માંડી અંગનાં પહેરવેશ-આભૂષણો, ભૂંગાનાં લીંપણઝુંપણ અને ઘરવખરી : બધાંમાં આંખે ઊડીને વળગે એવી જન્મજાત રુચિ-સૂઝ. વિકા રબારીના આરાધ્યદેવ કૃષ્ણ. ને પરંપરા માગે કે રબારીનાં લગ્ન લેવાય કેવળ ગોકળ આઠમે ! આમ, ગામેગામ લગ્ન હોય. મીંઢીયાણામાં ઢેબરિયા રબારીઓનો શા ઘેર લગ્ન હતાં. પૂજા કરતાં ખબર પડી કે બે કાનોને નજીકના ટપર ગામે ઉતારો આપવામાં આવ્યો હતો. સાતમની બપોરે જ ટપર પહોંચી. આવેલ જાનનાં વડેરાંઓને મળી, આઠમની લગ્નવિધિને છબીઓમાં મઢવાની સંમતિ મેળવી લીધી. સાંજ થવાને હજી વાર હતી એટલે ખોરડાંનાં લીંપણચણગાર અને જાનૈયાઓના ઠાઠને નીરખતાં, વાસના ચોક મહીં આવ્યાં. બીચ પડ્યા. ખાટલાઓમાંથી એક પરે, ગોદડાંના વીંટાને અઢેલીને એક ભાભુમાં માળા ફેરવતાં બેઠાં હતાં. ખાટની પડખે જ, નાની કાંટાળી વાડના ઘેરા બીચ, આછા ભીના પોતમાં વીંટટ્યો એક રોપો જોઈ કુતૂહલ થઈ આવ્યું, ને નજીક જઈ એ અંગે પૂછા કરી. અમને આવકારતાં હળવું હસીને બાઈ બોલ્યાં, "ઈ તો સાંયડી રોપી છે, ભલા !"

પળભર તો કીધું ઊકલ્યું નહીં, પણ પછી એક અવશ્ય રોમાંચ અનુભવ્યો એ સહજ સર્યા ઉત્તરની ઓળખે. "છાંયડી" રોપી હતી. બસ. લીમડો, વડ-પીપળ કે પછી આંબો-આંબલી, ઝાડના નામનુંય અગત્ય નહોતું ! ને એ વધતાં પહેલાં જ ઘેટાં-બકરાં ચરી ના જાય કે ધખતા ધોમ એને સૂકવી ના દે, માટે ફરતી મેલી હતી કાંટાળી વાડ અને માથે પાતળું ભીનું પોત ! જ કોઈ સમરથ કવિનેય ઈર્ષ્યા થઈ આવે એટલો સચોટ ને સભર શબ્દ-વિલાસ હતો એ ! ને જેને વાંચતાં-લખતાંયે નહોતું આવડતું એવી એક અભણ ગ્રામનારીએ સહજ ઊભર્યા અલંકારની સાથોસાથ આપણી સંસ્કૃતિના એક મૂળભૂત મૂલ્યને પણ દોહરાવ્યું હતું ! છાંયડી એટલે છત્ર-છાયા, આશ્રય અને રક્ષણ. છાંયડી, ભારતના અજોડ ઔદાર્ય અને સહિષ્ણુતાનું પરિમાણ છે. જગતના અનેક શરણાર્થીઓની પેઢાનપેઢી એ ઓથમાં નિર્ભયપણે ફૂલીફાલી છે; વિવિધ ભાષાઓ અને ધર્મની ચિંતનધારાઓ પ્રગટી-પાંગરી છે !

જ્યાં લગી આપણાં જનગણમન મહીં ભાવ-કથનનું આવું સૌષ્ઠવ ભર્યું પડ્યું છે ત્યાં લગી ગુર્જરગિરાના સાતત્યને, કહો, શી આંચ આવશે ?

પ્રદ્યુમ્ન તન્ના

- nehalgadhavi101@gmail.com

# કળાગુરુ રવિશંકર રાવળને ઓળખો છો?



**નવી સવાર**
**રમેશ તન્ના**

ગુજરાતને બે રવિશંકર મળ્યા જેમણે ગુજરાતને ધન્ય કર્યું.


એક રવિશંકર વ્યાસ એટલે કે રવિશંકર મહારાજ. જેમના વરદ હસ્તે ગુજરાત રાજ્યનું ઉદઘાટન થયું. સંવેદનાના અવતાર સમા.

બીજા રવિશંકર રાવળ એટલે કળાગુરુ. વેપારી એવી ગુજરાતી પ્રજામાં જેમણે પ્રચંડ સાધના કરીને કળાનો પ્રસાર કર્યો.









રવિશંકર રાવળ

ગુજરાતી સાહિત્ય પરિષદ

ગુજરાતી પ્રજાને કળાભિમુખ કરવામાં રવિશંકર રાવળનો સિંહફાળો. એથી તો તેમને કળાગુરુ કહેવાય છે.

પહેલી ઓગસ્ટ તેમનો જન્મદિવસ.

રવિશંકર રાવળ (પહેલી ઓગસ્ટ, ૧૮૯૨ - નવમી ડિસેમ્બર, ૧૯૭૭)ને કોઈ એક ઓળખમાં બાંધી શકાય તેવા નથી. તેઓ ચિત્રકાર, સાક્ષર, કલા વિવેચક, પત્રકાર અને નિબંધકાર હતા. તેમણે ૧૯૨૧ સુધી (પ્રકાશન બંધ થયું ત્યાં સુધી) વીસમી સદી સામયિકમાં કામ કર્યું હતું. તેઓ હાજી અલ્લારખા શિવજી પાસે તૈયાર થયા હતા. વીસમી સદી સામયિક ગુજરાતી પત્રકારત્વનો મહત્ત્વનો પડાવ છે. વીસમી સદી બંધ થયું પછી રવિશંકર રાવળે સાહિત્યિક સામયિક કુમારનો પ્રારંભ કર્યો હતો.

●●●

તેમનો જન્મ ભાવનગરમાં. (આ ભાવનગરે ગુજરાતને કેટકેટલાં રત્નો આપ્યાં છે, કોઈ હિસાબ જ નથી હોં..) તેમનું પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ ભાવનગરમાં જ થયું. ૧૯૧૦માં મૅટ્રિક. મુંબઈની આર્ટ સોસાયટીમાં પાંચ વર્ષના ચિત્રકળાના અભ્યાસમાં ઉત્તીર્ણ થતાં ૧૯૧૬માં મેયો મૅડલ. હાજી મોહમ્મદ અલારખિયાના સંપર્કથી પ્રેરાઈને ૧૯૨૪માં અમદાવાદમાં 'કુમારન્ન કાર્યાલયની સ્થાપના અને તેનું સંચાલન. સરદાર પટેલ વિશ્વવિદ્યાલય, વડોદરામાં માનાર્હ કલા-અધ્યાપક. કળાપ્રવૃત્તિ માટે ગુજરાત વિદ્યાસભા દ્વારા ૧૯૩૦ના વર્ષનો રણજિતરામ સુવર્ણચંદ્રક. ૧૯૬૫માં ભારત સરકારનો પદ્મશ્રી ખિતાબ. ૧૯૭૦માં લલિતકલા અકાદમીના ફેલો. ક્યાંક વાંચેલું કે રંગ કરવા પીંછી ના મળતી તો પોતાના માથાના વાળની પીંછી બનાવતા. કોઈ પણ કામ સાધનોથી નથી થતું, સાધનાથી થાય છે.

જાપાન અને ઉત્તરભારત તથા કુલુમનાલીની કલાયાત્રાનું વર્ણન કરતું 'કલાકારની સંસારયાત્રા' (૧૯૪૭) તથા વિયેના અને મોસ્કોની વિશ્વશાંતિ પરિષદ નિમિત્તે કરેલી વિદેશયાત્રાના અનુભવો નિરૂપતું 'મેં દીઠાં નવાં માનવીન્ન (૧૯૫૬) એમનાં પ્રવાસપુસ્તકો છે. ગુજરાતી કલા અને સંસ્કૃતિની વિકાસરેખા નિરૂપતી એમની આત્મકથા 'આત્મકથાનક' (૧૯૬૭) પણ નોંધપાત્ર છે.

એમણે અવનીન્દ્રનાથ, જમનબાબુ, બુરાકામી અને કાર્ટૂનિસ્ટ શંકર જેવા કળાવિદો વિશેના ચરિત્રલેખોનો સંગ્રહ 'કલાકારની કલમે' (૧૯૫૬) અને 'ભારતની સંસ્કૃતિના પૂજક જેમ્સ કઝીન્સ' (૧૯૫૯) જેવાં પુસ્તકો આપ્યાં છે. આ ઉપરાંત એમણે અજંતાની શિલ્પચિત્રસમૃદ્ધિનું નિરૂપણ કરતું, રંગીન ચિત્રોથી યુક્ત પુસ્તક 'અજંતાના કલામંડપો' (૧૯૩૬) ઉપરાંત કલાનું સ્વરૂપ, તેનું મહત્ત્વ અને મૂલ્ય સમજાવતાં કલાવિષયક લખાણો અને ભાષણોનો સંગ્રહ 'કલાચિંતન' (૧૯૪૭) તેમ જ 'સોળ સુંદર ચિત્રો' (૧૯૨૫) જેવાં કલાવિવેચનો પણ આપ્યાં છે.

તેમને ચિત્રકાર બનવાની તાલીમ તેમનાં માતા પાસેથી મળી હતી. તેઓ કહેતા કે મારી માતાની વાત કરવાની અને વાર્તા કહેવાની શૈલી ચિત્રાત્મક હતી. એની વાણીમાંથી મને ચિત્રનું સ્વરુપ મળતું. મારામાં ઈમોશનલ ઈમ્પ્રેશન ગ્રહણ કરવાની શક્તિ મારી માતાએ મૂકી છે.

રવિશંકર રાવળે પહેલું-વહેલું ચિત્ર વડનગરમાં મંદિરમાં મહારાજને ત્યાં જોયું. તેઓ કહે છે કે તે હું રવિ વર્માનું દ્રોપદી-વસ્ત્રહરણ અને સીતાભૂમિ પ્રવેશ. એ પછી ચિત્રો જોવાનું આકર્ષણ ખૂબ જાગ્યું હતું. એ પછી ચિત્રો દોરવાની અને રંગો પૂરવાની ઈચ્છા થઈ. એ સમયમાં પીંછી તો મળતી નહીં, એટલે મારી ચોટલીના વાળમાંથી મેં જાતે પીંછી બનાવી હતી. એ પીંછીથી ચિત્રો દોરવાનું અને અક્ષરો લખવાનું કામ કરવા લાગ્યો.

કિત્તાથી લખાય એવા અક્ષરો તેઓ પીંછીથી લખી શકતા એટલે ઘણા લોકો રવિશંકર રાવળ પાસે પોતાની છત્રી પર પણ નામ લખાવી જતા. એ વખતે તેમની ઉંમર દસ વર્ષની હતી. ગુજરાતી સાહિત્ય પરિષદના કરાંચીમાં મળેલા અધિવેશનમાં કલા વિભાગના પ્રમુખ તરીકે આપેલું વ્યાખ્યાન 'ચિત્રસૃષ્ટિ' (૧૯૩૭), મુનશી ષષ્ઠિપૂર્તિ નિમિત્તે દોરેલાં તેમની કથાસૃષ્ટિનાં પાત્રોનાં કાલ્પનિક રંગીન ચિત્રો 'ક. મા. મુનશીની પાત્રસૃષ્ટિ' (૧૯૫૩), ચરોતર ચિત્રશિક્ષક સંઘ આયોજિત વિદ્યાર્થી ચિત્રપ્રદર્શનના ઉદઘાટન નિમિત્તે કરેલ પ્રવચન 'ચિત્રશિક્ષાન્ન (૧૯૩૯) વગેરે એમનું નોંધપાત્ર પ્રદાન છે.

(નોંધઃ ઘણા રવિશંકર રાવલ બોલે કે લખે છે તે ખોટું છે.. તેમની અટક રાવળ હતી.)

(તમામ તસવીરો સૌજન્યઃ જયેશ શુકલ, રાજકોટ)

**છાંયડો :**

નરસિંહ મહેતા, મહાકવિ પ્રેમાનંદ, મીરાંબાઈ સહિત અનેકની લાખો લોકોમાં ઓળખ છે તે રવિશંકર રાવળે દોરેલાં ચિત્રો થકી છે. એક જમાનામાં ગુજરાત પ્રદેશમાં ઘરે ઘરે તેમણે સર્જેલાં ચિત્રો હતાં.